# વ્યક્તિગત અને કૌટુંબિક સમસ્યાઓ માટે આત્મિક સલાહની સેવા

નાથાનની માફક સમસ્યાઓવાળા લોકોનીસહાય કરો.

જરૂરિયાતો અને સ્થાનિક રિવાજ અનુસારની પ્રવૃત્તિઓ પસંદ કરો.

**પ્રાર્થના :** ''વહાલા પ્રભુ, તમારા સત્ય પ્રેમમાં સમજાવવાને માટે મારી સહાય કરો.'' (એફેસી ૪ : ૧૫)


**૧. આ માર્ગદર્શન ધ્યાનમાં રાખીને આત્મિક સલાહની સેવા માટે તૈયાર થાઓ.**

જે કોઈને સુધારાની જરૂર છે. તેને દુઃખ લાગે તેવું સત્ય કહેવું તે એક પ્રેમભરેલી સેવા છે. જો તમે કોઈના માટે તે કરી શકો તો તે સારું છે. નાથાને દાઉદને કઈ રીતે આત્મામાં ઊભો કર્યો જેથી તે દેવની સંગતમાં ફરી આવીશક્યો (૨ શમૂ. ૧૧-૧૨).

૧) જો સમસ્યા ખાનગી હોયતો તેને ખાનગી રીતે જ ઉકેલવી અથવા નાના જૂથમાં તેનો પ્રત્યન કરવો જેથી બીજા દેવની સહાય માટે પ્રાર્થના કરી શકે.

એક માણસ કહે છે
**મને ખરાબ ટેવ છે તેમાંથી છૂટવા તમે શું મારી મદદ કરી શકો ?**

પાળક કહે છે.
**પ્રભુ ઈસુ તમારી મદદ કરશે મારા ઘરે આવો આપણે એકલા વાત કરીશું**



જો સમસ્યા કોઈ અન્ય વિશ્વાસી વિરુદ્ધનો અપરાધ હોય તો માત્થી ૧૮ :૧૫-૧૬માં ભૂલ કરનાર વ્યક્તિ સાથે કઈ રીતે વર્તવું તે બતાવ્યું છે.

૨) પુરુષે સ્ત્રી (અથવા સ્ત્રીએ પુરુષ) સાથે સલાહની સેવા અન્ય લોકો જોઈ શકે તે રીતે કરવી. બંધ બારણે કે એકાંતમાં મળવું નહિ. ભૂંડાઈનો પડછાયો પણ આપણે ન જોઈએ. (૧ થેસ્સા. ૫ :૨૨)

**હું હતાશ છું મારી મદદ કરો**


**આપણે ગાર્ડનમાં જઈને ત્યાં મારી પત્ની પણ છે.**



૩) જે લોકો, કુટુંબો કે વિશ્વાસીઓ સમસ્યાઓને કારણે માનહાનિમાં હોય તેવા લોકોના પ્રશ્નો હલ કરતી વખતે સીધેસીધા સંકળાયેલ વ્યક્તિ સાથે જ વાત કરવી. હામાન કે જેણે રાજાને છેતરીને ખોટો હુકમ કઢાવ્યો હતો. તેના પ્રપંચ બાબતે એસ્તેર રાણીએ જ્યાં સુધી તે અને રાજાને સાથે બોલાવ્યા નહિ ત્યાં સુધી તેણે હામાનને કંઈ કહ્યું નહીં.

**હું અને મારા પતિ ખૂબ વિવાદો કરીએ છીએ.**
તે ઘણા હઠીલા છે.

**સારું કાલે આપણે તેમને સાથે રાખીને ચર્ચા કરીશું**



૪) લોકો પ્રશ્ન રજુ કરતા હોય ત્યારે ધ્યાનથી સાંભળો તેની મૂળ બાબત તમે પકડી શકો માટે જરૂરી બધી બાબતો પૂછો. યાકૂ. ૧:૫ પ્રમાણે સમસ્યાને વધારે સારી રીતે સમજી શકવા શું કરવું જોઈએ તે બતાવ્યું છે.

**અમારો પ્રશ્ન એ છે કે મારા પતિ બાળકોની સંભાળ લેવામાં મારી મદદ કરતા નથી**

**હા હું જાણું છું.**
**પણ તમે તેમને ખૂબ ધમકાવ્યા કરો છો, તમે તેમની સાથે નાના છોકરાની જેવી વર્તણૂંક તો ન જ કરી શકો.**



લોકોની ખાનગી વાતો મનમાં જ રાખો. તેમણે દિલ ખોલીને જે ખાનગી વાતો કહી હોય તેની બીજા આગળ ચર્ચા ન કરો. નીતિ. ૧૧ :૧૩માં વાતચિત બાબતે જે લખેલું છે તે ધ્યાનમાં લો.

**જ્યારે મારા ભત્રીજા સાથે તમે વાત કરી ત્યારે તેણે તમને શું કહ્યું ?**

**લોકોએ તમને વિશ્વાસુ ગણીને જે ખાનગી વાત કરી હોય તે બીજાને કહેવી નહિ.**

૫) સમસ્યાનું જે મૂળ હોય તેને દેવનું વચન લાગુ કરો. પહેલીવાર જે ફરિયાદ સાંભળો તે પરથી જ પગલા ભરવાનું શરુ ન કરો. શરૂમાં તો કદાચ તમને મૂળ સમસ્યાના ચિન્હો જ નજરે પડશે. દેવના વચન વડે ખોટી વિચારસરણીઓને તોડી નાખો. ખ્રિસ્તની વાત સર્વ જ્ઞાનમાં પુષ્કળતાથી તમારામાં રહે. ગીતો, સ્તોત્રો તથા આત્મિક ગાયનોથી એકબીજાને શિખવો તથા બોધ કરો. કલો. ૩:૧૬, ૧ તિ. ૪:૧, પ્રમાણે અવિશ્વાસી માણસો કોના જૂઠાણાઓ સાંભળશે તે જણાવ્યું છે.

**હું મારી ખરાબ આદત છોડી શકતો નથી તે ઘણી જ ખરાબ છે**

**એ શેતાને તમને કહેલું જૂઠાણું છે.**
**ખ્રિસ્તના સામર્થ્ય ઉપર તમારા વિશ્વાસને નબળો પાડવામાં તમે તેને મદદ કરો છો. તેમ સમજદાર છો અને કઈ રીતે વર્તવું તે જાણો છો.**




- જો કોઈ હજુ માનતો ના હોય તો તેને પસ્તાવો કરવામાં અને દેવની માફી મેળવવામાં સહાય કરો.
- જો કોઈ વિશ્વાસ કરે પણ પોતાને અયોગ્ય સમજતો હોય તો તેની સાથે બેસીને એફે. ૧ લો અધ્યાય વાંચવો અને તેને સમજાવવું કે દેવની નજરમાં તેની કિંમત શું છે, અને ખ્રિસ્તમાં અનંતકાળને માટે તેણે શું પ્રાપ્ત કર્યું છે. આ માટે બંનેએ સાથે દેવનો આભાર માનવો.

- જો કોઈને હજુ ભય લાગતો હોય અથવા દેવ તેના પર પ્રેમ કરતો નથી તેનું લાગતુ હોય તો તેની સાથે રૂમી. ૮ વાંચો.
- કોઈને લાગતુ હોય કે દેવ ઘણો દૂર છે અને ઈસુ તેના પ્રત્યે કોપાયમાન છે તો કોલો. ૧ થી ૩ અધ્યાયો વાંચવા અને તેને સમજાવો કે દેવનું સામર્થ્ય અને દેવની અદૃશ્ય બાબતો પ્રભુ ઈસુએ તેને માટે મેળવી છે.

૬) સમસ્યા હલ કરવા માટે લોકોએ ખરેખર શું કરવું જોઈએ તે માટે તેમની મદદ કરો પવિત્ર આત્માની સહાય વડે તેમની વર્તણૂંક બદલવા માટે તેમને સંમત કરો.

**હવે હું સમજ્યો**
**મારી પત્ની મને માફ કરે માટે મારે તેને સમજાવવી જોઈએ અને મારે પણ તેને માફ કરવી જોઈએ અને પ્રભુના કહ્યા પ્રમાણે તેના પર પ્રેમ રાખવો જોઈએ**

**તે બરાબર સાચું છે**
**તમારો પ્રોબ્લેમ પૂરેપૂરો હલ થઈ જાય ત્યાં સુધી હું તમારી મુલાકાત લેતો રહીશ.**



૭) જેઓ સુધરવા માંગતા હોય તેવા નમ્ર લોકોની સાથે જ સલાહની સેવા કરવી. જો કોઈ પોતાની વર્તણૂંક સુધારવા માંગતા ન હોય અને ફકત વાતો જ કરવા માંગતા હોય તો પછી તેમને મળવાનું બંધ કરવું. આવા લોકો પાછળ સમય બગાડવો નહિ. કેટલાક લોકોને ધ્યાન ખેંચવાની આદત હોય છે. કેટલાક પોતા વિષે જ વિચારતા હોય છે. પ્રભુ ઈસુ કહે છે, ''તમારા મોતી ભૂંડોની આગળ ન વેરો.'' માત્થી ૭ :૬

## ૨. અઠવાડીયા દરમ્યાન કરવાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.

ઉપરની માર્ગદર્શિકાનો ઉપયોગ કરીને પુખ્ત વિશ્વાસીઓ માંથી આત્મિક સલાહકારો તૈયાર કરો.

જરૂરિયાતવાળા લોકોની મુલાકાત લો.

સાથીદારો સાથે આગામી ભજનસેવાની તૈયારી કરો.

૨ શમૂ. ૧૭-૧૨ અધ્યાય પરથી નાથાન પ્રબોધકે દાઉદને જે સલાહ આપી તે **સમજાવો.**

સલાહ અંગેની ઉપરોક્ત માર્ગદર્શિકા માટે બાઈબલના આધારો **સમજાવો.**

આત્મિક સલાહની સેવાને પરિણામે પ્રાપ્ત થયેલ તાજેતરના વિજયો અંગેને રીપોર્ટ આપો અને પ્રભુની **સ્તુતિ કરો.**

બાળકોએ તૈયાર કરેલા નાટક, પ્રશ્નો, ગીતો વિ. રજુ કરવા દો.

૧ કો. ૧૪ :૩ સર્વ **મુખપાઠ કરો.**

**મેજ**ની સેવા શરૂ કરતાં ૧ કો. ૧૧:૨૮-૩૨ અનુસારની ચેતવણી પ્રત્યે ધ્યાન ખેંચો.

બે કે ત્રણના જૂથમાં પ્રાર્થના કરવી, આયોજન કરવું અને આત્મિક સલાહની આપ લે કરવી.

Copyright © 2003 by Paul-Timothy. Download Paul-Timothy studies freely from www.Paul-Timothy.net.